For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મેટ્રોના રૂટમાં અડધું ચર્ચ ગયું પણ ચોર આંબલો બચી ગયો

■ સુરતના મેટ્રો રૂટ પર ચોકબજાર સ્થિત 200 વર્ષ જૂના ચર્ચનો કેટલોક ભાગ તોડવો પડ્યો હતો. ગાંધીજીની પ્રતિમાને પણ ફરી ગાંધીબાગમાં ખસેડવાની ફરજ પડી હતી. સ્વામિ વિવેકાનંદની પ્રતિમાને મક્કાઇ પુલથી ડચ ગાર્ડનમાં ખસેડવામાં આવી છે. પરંતુ અડાજણનો 500 વર્ષ જૂનો ચોર આંબલો બચી ગયો છે. અગાઉ જ્યારે અહીં રોડ બન્યો ત્યારે પણ તેને કાપવાની વાતનો વિરોધ થતા પાલિકાએ તેની આસપાસથી રસ્તો કાઢવો પડ્યો હતો પરંતુ મેટ્રોના રૂટ પર તે બચી ગયો છે. આ વૃક્ષના થડ એટલા મોટા ઘેરાવા વાળા હોય છે કે વર્ષો પહેલા ચોર ચોરી કરીને તેની પાછળ સંતાઇ જતાં હતાં જેથી તેનું નામ ચોર આમલા પડ્યું છે. **(તસવીર : હેમંત ડેરે)**

NEET-UG 2026નું પેપર વિદ્યાર્થીઓ માટે પડકારજનક: 91.10 ટકા હાજરી રહી

બાયોલોજી સરળ તો ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના પેપર મધ્યમથી અઘરા રહ્યા

પેપર NEET-2024 કરતાં વધુ અઘરું અને NEET-2025 કરતાં થોડું સહેલું નીકળ્યું

સુરત: દેશભરમાં રવિવારે યોજાયેલી NEET-UG 2026 પરીક્ષા બાદ વિદ્યાર્થીઓ અને વિષય નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક વિશ્લેષણ અનુસાર આ વર્ષની પરીક્ષામાં બાયોલોજીનું પેપર સરળ સ્તરનું જ્યારે કેમિસ્ટ્રી અને ફિઝિક્સના પેપર મધ્યમથી અઘરા સ્તરના રહ્યા હતા. એકંદરે પેપર NEET-2024 કરતાં વધુ અઘરું અને NEET-2025 કરતાં થોડું સહેલું હોવાનું નિષ્ણાતોનું માનવું છે.

સુરત શહેરમાં આજે 22 કેન્દ્રો પરથી નીટની ફરી પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં કુલ 10301 ઉમેદવારો નોંધાયા હતા. પરંતુ અનુસંધાન પાના 9 પર

કેમિસ્ટ્રીમાં ઓર્ગેનિક અને ઇનઓર્ગેનિકનો સમતોલ સમાવેશ

કેમિસ્ટ્રીનું પેપર મધ્યમથી અઘરા સ્તરનું રહ્યું હતું. પ્રશ્નપત્રમાં ઓર્ગેનિક કેમિસ્ટ્રીના 14, ઇનઓર્ગેનિકના 15, ફિઝિકલ કેમિસ્ટ્રીના 14 તથા પ્રેક્ટિકલ આધારિત 2 પ્રશ્નો પૂછાયા હતા. પ્રશ્નોના પ્રકારમાં 3 Assertion-Reason અને 5 Statement Based પ્રશ્નોનો સમાવેશ થયો હતો. વિશ્લેષણ મુજબ 10 પ્રશ્નો સરળ, 24 પ્રશ્નો મધ્યમ કક્ષાના અને 11 પ્રશ્નો મધ્યમથી અઘરા સ્તરના હતા. જેના કારણે વિદ્યાર્થીઓને સમય વ્યવસ્થાપનમાં પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

ફિઝિક્સમાં ગણતરી આધારિત પ્રશ્નો વધુ પૂછાયા

ફિઝિક્સ વિષયનું પેપર સૌથી વધુ પડકારજનક માનવામાં આવ્યું હતું. કુલ 45 પ્રશ્નોમાંથી 14 સરળ, 20 મધ્યમ અને 11 અઘરા સ્તરના હતા. પ્રશ્નપત્રમાં ધોરણ-11ના 21 અને ધોરણ-12ના 24 પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિશેષ નોંધપાત્ર બાબત એ રહી કે કુલ 36 પ્રશ્નો ગણતરી આધારિત હતા. ઉપરાંત 6 આલેખ આધારિત, 2 થિયરી આધારિત, 1 જોડકા પ્રકારનો પ્રશ્ન અનુસંધાન પાના 9 પર

ગુજરાતી ભાષાંતરમાં ગંભીર ભૂલો સામે આવી

પરીક્ષા બાદ ગુજરાતી માધ્યમના અનેક વિદ્યાર્થીઓએ બાયોલોજી વિષયના પ્રશ્નપત્રમાં થયેલી ભાષાંતરની ભૂલો અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર અનેક પ્રશ્નોમાં ગુજરાતી અનુવાદ સ્પષ્ટ ન હોવાથી પ્રશ્નનો મૂળ અર્થ સમજવામાં મુશ્કેલી પડી હતી. જેના કારણે ગુજરાતી માધ્યમના ઉમેદવારોને અન્ય વિદ્યાર્થીઓની તુલનામાં વધારાનો સમય અને માનસિક દબાણ અનુભવવું પડ્યું હતું.

કટ-ઓફ પર પડી શકે અસર

વિષય નિષ્ણાતોના મતે બાયોલોજી સરળ હોવા છતાં ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના મધ્યમથી અઘરા સ્તરના પ્રશ્નોના કારણે આ વર્ષે NEET-UG 2026ની કટ-ઓફમાં મર્યાદિત ફેરફાર જોવા મળી શકે છે. ખાસ કરીને ફિઝિક્સમાં ગણતરી આધારિત પ્રશ્નોની સંખ્યા વધુ હોવાથી વિદ્યાર્થીઓના કુલ સ્કોર પર તેની અસર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. એકંદરે NEET-UG 2026નું પ્રશ્નપત્ર સંતુલિત પરંતુ સ્પર્ધાત્મક રહ્યું હોવાનું પ્રાથમિક વિશ્લેષણમાં સામે આવ્યું છે.

ધાર્મિક દોરા અને કંઠી ઉતરાવતા અમદાવાદમાં હોબાળો

અમદાવાદ: પેપર લીક વિવાદ બાદ યોજાયેલી RE-NEET પરીક્ષા દરમિયાન અમદાવાદના એક પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓની ચકાસણીને લઇને વિવાદ સર્જાયો હતો. આર. જે. ટીબરેવાલ કોલેજ ખાતે કેટલાક વાલીઓએ હિન્દુ વિદ્યાર્થીઓના ધાર્મિક દોરા, કંઠી અને કાનની બુટ્ટી કઢાવવાના આક્ષેપ સાથે વિરોધ નોંધાવ્યો હતો. ઘટનાને પગલે થોડો સમય હોબાળાનો માહોલ સર્જાયો હતો, જેમાં બે લોકોની અટકાયત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. વાલીઓનો આક્ષેપ હતો કે પરીક્ષા દરમિયાન હિન્દુ વિદ્યાર્થીઓના હાથમાં બાંધેલા દોરા, ગળામાં પહેરેલી કંઠી અનુસંધાન પાના 9 પર

માતા બર્થડેની શુભેચ્છા આપવા ગઇ તો પુત્રની લાશ લટકતી હતી

કલરટેક્સમાં નોકરી કરતાં સચિનના દેસાઇ પરિવારના એકના એક પુત્રનો આપઘાત

મોડી રાત્રે અઢી વાગ્યા સુધી સોસાયટીમાં કેક કાપી મિત્રો સાથે બર્થડે ઉજવી હતી

આપઘાતનું કારણ જાણવા પોલીસે મોબાઇલ ફોન કબજે લીધો

જીત દેસાઈ પરિવારમાં એકનો એક દિકરો હતો. જન્મ દિવસે જ તેને ભરેલા આ પગલાથી સૌ કોઈ અચંબીત છે. પરિવારમાં કોઈ ટેન્શન પણ નહોતું. અને સદ્ધર પરિવારમાંથી હતો. છતાં તેને કેમ આ પગલું ભર્યું તે અંગે પોલીસે જીતનો મોબાઈલ કબજે લઈ તપાસ હાથ ધરી છે. કદાચ મોબાઈલમાંથી તેના આપઘાતનું કોઈ કારણ બહાર આવી શકે. હાલ તો પોલીસે અકસ્માતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુરત: સચિનમાં રહેતા અને કલરટેક્સમાં કામ કરતા યુવકે જન્મ દિવસે જ આપઘાત કરી લીધો હોવાની કરૂણ ઘટના સામે આવી છે. સોસાયટીના મિત્રો સાથે રાત્રે અઢી વાગે જન્મ દિવસની ઉજવણી કરીને આવ્યા બાદ આત્યાંતિક પગલું ભર્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સચિન કનકપુર રોડ ઉપર આવેલી સ્નેહમિલન સોસાયટીમાં રહેતા હિરેનભાઈ દેસાઈ કલરટેક્સ કંપનીમાં નોકરી કરે છે તેમનો એકનો એક પુત્ર જીત દેસાઈ પણ કલરટેક્સ કંપનીમાં છેલ્લા 6 મહિનાથી નોકરીએ લાગ્યો હતો. આજે રવિવારે જન્મ દિવસ હતો. જેથી તે શનિવારે રાત્રે 12 વાગ્યે જ તેણે સોસાયટીમાં મિત્રો સાથે કેક કાપી હતી અને અઢી વાગ્યે તે ઘરે પરત આવ્યો હતો અને રૂમમાં જઇને સૂઇ ગયો હતો. પુત્રના જન્મ દિવસની શુભેચ્છા આપવા સવારે તેની માતા તેને ઉઠાડવા માટે ઉપર તેના રૂમમાં ગઈ હતી. રૂમમાં જીત પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાધેલી હાલતમાં લટકતો હતો. પરિવારના એકના એક પુત્રે જન્મદિવસે આપઘાત કરી લેતા પરિવાર શોકમાં સરી પડ્યો હતો. સોસાયટી અને સમાજમાં તથા સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઇ ગયો હતો.

'મારો પતિ ગમે તેટલી છોકરી ફેરવે મને કોઇ ફર્ક નથી પડતો'

અમરોલીમાં યુવતીના ન્યૂડ ફોટા પાડી વારંવાર દુષ્કર્મ કરી ૪૫ લાખ પડાવી લીધા

યુવતીને ધમકી આપનાર પત્ની સામે પણ ગુનો દાખલ કરાયો

ભોગ બનનાર યુવતીને આરોપીની પત્નીએ પણ ફોન પર આપી જાનથી મારી નાખવાની ધમકી; અમરોલી પોલીસે દંપતી સામે ગુનો નોંધ્યો

સુરત: અમરોલી વિસ્તારમાં લગ્નનો વાયદો કરી શરીર સંબંધ બાંધી તેના ન્યૂડ ફોટા પાડી બ્લેકમેલિંગ કરવા તેમજ ટુકડે-ટુકડે રૂપિયા ૪૫ લાખ પડાવી લેવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આટલું જ નહીં, આરોપીની પત્નીએ પણ પીડિતાને ફોન કરી ગાળો આપી, જાનથી મારી નાખવાની અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાની ફરિયાદ અમરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાતા ચકચાર મચી ગઈ છે.

અમરોલીના છાપરાભાઠા વિસ્તારમાં રહેતી કાજલબેન (નામ બદલ્યું છે) નામની યુવતી અગાઉ એક ફર્મમાં કામ કરતી હતી, જ્યાં તેની મુલાકાત મયુર વાઘજીભાઈ બગડા (રહે. શીતલ હાઇટ્સ, અમરોલી) સાથે થઈ હતી. તેણે તેને પ્રેમજાળમાં ફસાવી લગ્નનું વચન આપ્યું હતું. અને

અડાજણ સહિતની અલગ-અલગ જગ્યાએ યુવતી સાથે અવાર-નવાર મરજી વિરુદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા. તે દરમિયાન મયુરે પીડિતાના ન્યૂડ ફોટા પણ પાડી લીધા હતા. આ સાથે જ તેણે લગ્નના બહાને યુવતી પાસેથી ટુકડે-ટુકડે રૂ. ૪૫ લાખ પડાવી લીધા હતા.જ્યારે પીડિતાએ પોતાના રૂપિયા પરત માંગ્યા અને અનુસંધાન પાના 9 પર

પાટીદાર દીકરી ભગાડી જાવ અને પાટીદારના નામ પર ધંધો કરો

ગાયિકા રિદ્ધિ રાજપરાએ તબલા વાદક જયેશ વાઘેલા સાથે પ્રેમલગ્ન કરતાં પાટીદાર સમાજમા વિવાદ

આ બંનેને પાટીદાર સમાજના સ્ટેજ પર આવવા નહીં દઈશું: હિરેન ભેસાણિયા

સુરત: અત્યારે એક ટ્રેન્ડ ચાલે છે પાટીદારની દીકરી ભગાડી જાવ અને પાટીદાર નામ પર ધંધો કરોની પોસ્ટ સાથે પાટીદાર સમાજના આગેવાન હિરેન ભેસાણિયાએ સુરત વરાછા યોગી ચોક વિસ્તારની લોકગાયિકા રિદ્ધિ રાજપરાએ તબલા વાદક જયેશ વાઘેલા સાથે ભાગીને લગ્ન કરતાં પાટીદાર સમાજમા વિવાદ સર્જાયો છે. ગુજરાતી સંગીત જગતમાં ફરી એકવાર ગાયિકાના અંગત જીવનને લઈને પાટીદાર સમાજમાં મોટો વિવાદ સર્જાયો છે. લોકગાયિકા રિદ્ધિ રાજપરાએ આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કર્યા હોવાના દાવા બાદ સોશિયલ મીડિયા અને પાટીદાર સમાજમાં ચર્ચા સાથે વિરોધ શરૂ થઈ ગયો છે.

આ સમગ્ર મામલાને લઈને પાટીદાર સમાજના આગેવાન હિરેન ભેસાણિયાની એક સોશિયલ મીડિયા પોસ્ટ વાયરલ થતાં વિવાદ વધુ ગરમાયો છે. હિરેન ભેસાણિયાએ પોસ્ટમાં દાવો કર્યો છે કે 20 મે 2026ના રોજ જયેશ વાઘેલા રિદ્ધિ રાજપરાને ભગાડી લગ્ન કરી લીધા છે. તેમણે પાટીદાર સમાજને અપીલ કરતાં લખ્યું હતું કે આવા લોકોને સમાજના સ્ટેજ પ્રોગ્રામમાં બુક ન કરવા જોઈએ. આ પોસ્ટ બાદ સોશિયલ મીડિયા પર ચર્ચાનો માહોલ સર્જાયો છે. કેટલાક લોકો પ્રેમલગ્નને વ્યક્તિગત નિર્ણય ગણાવી રહ્યા છે, જ્યારે કેટલાક સમાજ અને પરંપરાના મુદ્દાને આગળ ધરી વિરોધ વ્યક્ત કરી રહ્યા છે. પાટીદાર નેતા હિરેન ભેસાણિયાએ 'ગુજરાતમિત્ર' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે તેમણે રિદ્ધિના પરિવાર સાથે વાતચીત કરી હતી અને અનુસંધાન પાના 9 પર

પ્રસાદમાં ઘેન આપી ભૂવાનો પરિણીતા પર બળાત્કાર

બેહોશ કરી શરીર સંબંધ બાંધ્યા તેના નગ્ન ફોટો પાડી વારંવાર કુકર્મ કર્યું

સિંગણપોરની યોગ હોટલમાં કામલીલા કરનાર પાખંડી ભુવો નરેશ ચૌહાણ પોલીસના સકંજામાં

સુરત: સિંગણપોરમાં રહેતી મૂળ ભાવનગરની ૨૭ વર્ષીય પરિણીતાને માતાજીના ભુવાજીએ માતાજીના આશીર્વાદ અને પ્રસાદીના બહાને હોટલમાં બોલાવી, પ્રસાદીમાં ઘેન આપી દુષ્કર્મ આચરાયું હોવાની ઘટના સામે આવી છે. એટલું જ નહીં, પરિણીતાના નગ્ન ફોટા પાડી લઈ તે વાયરલ કરવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી પાખંડી ભુવાએ એપ્રિલ-૨૦૨૫ થી લઈને અત્યાર સુધી અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે સિંગણપોર પોલીસે ગુનો નોંધી નરાધમ ભુવાની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

એક વર્ષથી બ્લેકમેલ કરી હોટલમાં બોલાવતો હતો

ભાનમાં આવ્યા બાદ પરિણીતાને પોતાની સાથે થયેલા આ કાળા કૃત્યની જાણ થઈ હતી. જોકે, આરોપી નરેશ ભુવાએ તેને ધમકાવી હતી કે જો આ અંગે કોઈને પણ વાત કરી તો આ નગ્ન ફોટા વાયરલ કરી દઈશ અને તને જાનથી મારી નાંખીશ. આ પાખંડી ભુવો છેલ્લા એકાદ વર્ષથી (એપ્રિલ-૨૦૨૫ થી આજદિન સુધી) અવારનવાર સિંગણપોરની યોગ હોટલમાં બોલાવતો હતો અને તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચરતો હતો. આખરે પરિણીતાએ હિમત દાખવી, પોલીસે ભુવાને દબોચ્યો.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગરના તળાજાનો વતની નરેશ ચૌહાણ ઉર્ફે નરેશ ભુવા માતાજીના નામે પાખંડ આચરતો આવ્યો છે. ભોગ બનનાર ૨૭ વર્ષીય પરિણીતા 'સીમા' (નામ બદલ્યું છે) પણ મૂળ તેના જ વતનની હોવાથી, સીમા એકાદ વખત પોતાના સંબંધી સાથે આ ભુવાજીના તળાજા નિવાસસ્થાને ગઈ હતી. ત્યારબાદ અનુસંધાન પાના 9 પર

કાળઝાળ ગરમી વચ્ચે ચોમાસાની રાહ લાંબી, સુરતમાં તાપમાન 35.9 ડિગ્રી

સુરત: સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પ્રી-મોન્સૂન પ્રવૃત્તિઓ સક્રિય હોવા છતાં લોકોને કાળઝાળ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરમાં રવિવારે મહત્તમ તાપમાન વધીને 35.9 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 28.7 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 62 ટકા ભેજ અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 12 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનને કારણે બફારાનો માહોલ સર્જાયો હતો.

જિલ્લાના કેટલાક વિસ્તારોમાં સવારે હળવા વરસાદની નોંધ થઈ હતી. બારડોલી તાલુકામાં 9 મીમી અને અંબિકા વિસ્તારમાં 3 મીમી વરસાદ પડ્યો હતો. વરસાદ બાદ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં દિવસ દરમિયાન અસહ્ય ગરમી અને બફારાનો અનુભવ થયો હતો. અનુસંધાન પાના 9 પર

સિવિલના સ્ટોર કીપરે ઘોડદોડના ક્રોમામાં હાથ સાફ કર્યો હતો

દેવામાં ડૂબેલા અને પત્નીથી છૂટાછેડા થતાં માનસિક તણાવમાં આવેલા યુવકે ચોરીનો પ્લાન ઘડ્યો

કાચ તોડતી વખતે હાથમાં વાગતાં સિવિલમાં જ સારવાર લેવા પહોંચ્યો ને પાંજરે પુરાયો, બે દિવસના રિમાન્ડ

સુરત: ઘોડદોડ રોડ પોલીસ ચોકીની બિલકુલ સામે આવેલા જાણીતા ક્રોમા શો-રૂમના કાચ તોડી રૂ. ૧૧.૩૩ લાખના આઇફોન અને મત્તાની ચોરીના કેસમાં નવી સિવિલ હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં સ્ટોરકીપરની સંડોવણી બહાર આવી છે. દેવું વધી જતાં તેમજ છૂટાછેડાના કારણે માનસિક તણાવમાં આવી આ ગુનાને અંજામ આપ્યો હોવાની ચોંકાવનારી કબૂલાત કરી છે.પોલીસે તેની પાસેથી 7 લાખની મત્તા રિકવર કરી છે.હાલ આરોપી બે દિવસના રિમાન્ડ પર છે.

ઉમરા પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ઘોડદોડ રોડ પર આવેલા ક્રોમા શો-રૂમમાં અજાણ્યા તસ્કરે મુખ્ય કાચનો દરવાજો પથ્થર મારી તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ઘટનાની જાણ વહેલી સવારે મોલના કેરટેકરે સ્ટોર મેનેજરને કરી હતી. તપાસ દરમિયાનસીસીટીવી ફૂટેજમાં તસ્કર રાત્રે 3:00થી સવારે 4:15 વાગ્યા દરમિયાન ક્રોમાની જ ત્રણ બેગમાં માલ ભરી લઈ જતો જોવા મળ્યો હતો. ચોરી કરતી વખતે તસ્કરને કાચ વાગ્યો હોવાથી જમીન પર લોહીના ટીપાં પડ્યા હતા. જેના આધારે પોલીસે શહેરની હોસ્પિટલોમાં તપાસ આદરી હતી. તપાસ દરમિયાન સિવિલ હોસ્પિટલમાં સવારે એક યુવક હાથ પર કાચ વાગ્યો હોવાની સારવાર કરાવી ગયો હોવાનું અને તે સિવિલના કિડની બિલ્ડિંગમાં આવેલા મેડિકલ સ્ટોરમાં જ સ્ટોરકીપર તરીકે નોકરી કરતો હોવાનું માલમ પડ્યું હતું. પોલીસે મેડિકલ સ્ટોરમાંથી તેના ડેટા મેળવીને વોચ ગોઠવી હતી. પોલીસે આરોપી નિલેશ સુનિલભાઈ પાટીલ (રહે. સાઈ દર્શન સોસાયટી, ડિંડોલી, મુળ મહારાષ્ટ્ર)ને ચોરાયેલી 7 લાખની મત્તા સાથે ઝડપી પાડ્યો હતો. પકડાયેલા નિલેશને કોર્ટમાં રજૂ કરી પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન આરોપી નિલેશે પોપટની જેમ ગુનો કબૂલી લીધો હતો. તેણે જણાવ્યું હતું કે તે કિડની બિલ્ડિંગમાં આવેલા મેડિકલ સ્ટોરમાં છેલ્લા અઢી વર્ષથી કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરે છે. તેના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા, પરંતુ લગ્નજીવન લાંબુ ચાલ્યું ન હતું અને છૂટાછેડા થઈ ગયા હતા. લગ્ન અને છૂટાછેડાના કારણે તેના પર મોટું દેવું થઈ ગયું હતું.

ઈન્સ્ટા મિત્રએ સગીરાને ગર્ભવતિ બનાવી દીધી

સગીર ડીજે ઓપરેટર સામે પોક્સો હેઠળ ગુનો દાખલ

સુરત: ડિંડોલી વિસ્તારમાં એક જ સોસાયટીમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી, લગ્નનો વાયદો કરી સગીર ડીજે ઓપરેટરે દુષ્કર્મ કર્યું છે. સગીરાની માતા છેલ્લા ૧૦ વર્ષથી અલગ રહેતી હોવાથી અને પિતા રોજગારી મેળવવા ઉધના ખાતે કામ પર જતા હોવાથી સગીરા ઘરે એકલી જ રહેતી હતી. આ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવી સગીરે તેની સાથે સંબંધ બાંધતા તે ગર્ભવતિ બની ગઈ હતી

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, ડિંડોલી વિસ્તારની એક સોસાયટીમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાનો ત્રણ મહિના પહેલાં તેની જ સોસાયટીમાં રહેતા અને ડીજે ઓપરેટર તરીકે કામ કરતા એક સગીરે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક કર્યો હતો. સોશિયલ મીડિયા પર શરૂ થયેલી વાતચીત ધીમે-ધીમે પ્રેમસંબંધમાં પરિણમી હતી. સગીરાના માતા-પિતા છેલ્લા ૧૦ વર્ષથી અલગ રહેતા હોવાથી સગીરા તેના પિતા સાથે રહેતી હતી. પિતા રોજગારી મેળવવા ઉધના ખાતે કામ પર જતા હોવાથી સગીરા ઘરે એકલી જ રહેતી હતી. આ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવી ડીજે ઓપરેટર અવારનવાર તેના ઘરે મળવા પહોંચી જતો હતો.પ્રેમસંબંધની આડમાં આરોપીએ સગીરાને લગ્ન કરવાનો વાયદો આપ્યો હતો અને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. ગઈકાલે સગીરાને અચાનક પેટમાં સખત દુખાવો ઉપડ્યો હતો. જેથી તેણે તાત્કાલિક કામ પર ગયેલા તેના પિતાને ફોન કરીને જાણ કરી હતી. પિતા તાબડતોબ ઘરે દોડી આવ્યા હતા અને દીકરીને સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તબીબોએ પ્રાથમિક તપાસ બાદ સગીરાને ૯ અઠવાડિયાનો ગર્ભ હોવાનો ચોંકાવનારો ખુલાસો અનુસંધાન પાના 9 પર

૨૦૨૪થી જેલમાં બંધ પતિએ સગર્ભા પત્નીની સંભાળ માટે જામીન માંગ્યા

હત્યા કેસના આરોપી વિમલ આહિરની પત્નીની વચગાળાની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી

સુરત: આઠ માસની ગર્ભવતી પત્નીએ પ્રસૂતિ વખતે સારસંભાળ રાખવા માટે હત્યા સહિતના ગંભીર ગુનામાં લાજપોર સેન્ટ્રલ જેલમાં ઓગસ્ટ, 2024થી બંધ આરોપી પતિ વિમલ ધનજીભાઈ આહીર ઉર્ફે કાલરિયાને ૨૦ દિવસનાં વચગાળાના જામીન પર છોડવા માટે કરેલી અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. રાજકોટ જસદણની હડિયા જાગૃતિબેન રાજુભાઈનાં પતિ વિમલ ધનજીભાઈ આહીર ઉર્ફે કાલસરીયા વરાછા પોલીસ સ્ટેશને નોંધાયેલી હત્યા કેસમાં જેલવાસ ભોગવી રહ્યો છે. આરોપીની પત્નીએ પોતે આઠ માસની ગર્ભવતી હોય સારસંભાળ રાખવા તેમજ ઘરના ખર્ચ અને નાણાંની વ્યવસ્થા કરવા માટે પતિની જરૂર હોવાથી પતિને ૨૦ દિવસનાં વચગાળાના જામીન આપવા માટે અનુસંધાન પાના 9 પર

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીકસ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

લેઉવા પટણી પાટીદાર અવસાન - બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે, જયશ્રીબેન અતુલભાઈ ભગતનું તા.૨૧-૦૬-૨૦૨૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે. સદ્‌ગતનું બેસણું તા.૨૨-૦૬-૨૦૨૬ને સોમવારે સવારે ૯ થી ૧૧ દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

બેસણાંનું સ્થળ : શ્રી સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત. (BPAH)

સ્વ.જયશ્રીબેન અતુલભાઈ ભગત
સ્વ.તા.૨૧-૦૬-૨૦૨૬

લિ. સમસ્ત ભગત પરિવાર

નિવાસસ્થાન : ૩/૨૨૩૯, બાલાભાઈની શેરી, સલાબતપુરા, સુરત.

વ્હાલા પપ્પાને છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

"પપ્પા" તમે ભલે અમારી સાથે સદેહે નથી, પરતું તમારા વિચારો, સંસ્કાર અને ગુણો સદાય પેરણાદાયી રહેશે. "પપ્પા" આજે પણ તમારી યાદો, શિખામણો અને આશીર્વાદ કુદરત અમારા ઉપર વરસાવતી રહીને આપને અમારા હૃદયમાં જીવંત રાખે છે અને સારા માર્ગે આગળ વધવા હંમેશા પ્રોત્સાહિત કરે છે. પ્રભુ સદ્‌ગતનાં આત્માને ચિર શાંતિ આપે એજ સમસ્ત પરિવારની પ્રાર્થના.

લિ. ગં.સ્વ. હેમલતાબેન જયંતિલાલ ચેવલી

મનોજકુમાર જયંતિલાલ ચેવલી — પીંકી મનોજકુમાર ચેવલી
રાજકુમાર બકુલભાઈ ટેલર — ભક્તિ રાજ ટેલર
અંશ મનોજકુમાર ચેવલી — અંજના તનસુખલાલ ઝવેરી
નિકીતા હિમાંશુ જરીવાલા — સંગીતા વિનોદચંદ્ર ગલીયાવાલા
ધ્યાનીલ રાજ ટેલર

સ્વ. જયંતિલાલ નગીનદાસ ચેવલી
જ. તા.૧૮-૦૩-૧૯૩૯
સ્વ.તા. ૨૨-૦૬-૨૦૨૦

તથા સમસ્ત ચેવલી પરિવાર